# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Emailsuratdeo@gmail.com, Web – deosurat.org**

જા.નં.મા-૨/૨૦૨૫/ ૧૫૦૫૦ તા.૦૩/૧૨/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત જિલ્લો.

વિષય:- વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય અને તેના રક્ષણ અર્થે પાલન કરવાની સૂચનાઓ

સંદર્ભ :- (૧) તા.૧૪/૧૧/૨૦૨૫ના રોજ માન.કલેકટરશ્રી , સુરતના અધ્યક્ષસ્થાને મળેલ સમિતિની કાર્યવાહી નોંધ.

(૨) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો હુકમ ક્રમાંક: D/MRE/e file/3/2025/4/3/p તા.૨૯/૦૮/૨૦૨૫

(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: જા.નં.મા-૨/૨૦૨૫/૧૦૭૮૨ તા.૦૪/૦૯/૨૦૨૫

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ (૩)થી અત્રેની કચેરી દ્વારા વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્યની તકેદારી બાબત સૂચનાઓ આપવામાં આવેલ હતી. આજનાં સ્પર્ધાત્મક અને ઝડપી આધુનિકરણનાં કારણે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર થઇ રહી છે જેને નિવારવા સરકાર દ્વારા અથાગ પ્રયત્નો થઇ રહ્યાં છે. તા.૧૪/૧૧/૨૦૨૫ના રોજ માન. કલેકટરશ્રી , સુરતના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, સભાખંડ ખાતે બપોરે ૧૬.૩૦ કલાકે બેઠક મળી. જેમાં જિલ્લાના વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે તે હેતુસર સમિતિ અને માન. અધ્યક્ષશ્રીએ નીચે મુજબ સૂચન કરેલ છે. આ સૂચનાનું તમામ શાળાઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

- શાળાના આચાર્યશ્રીએ તેમના નજીકના PHC અને CHCમાં કાર્ય કરતા મનોવૈજ્ઞાનિક કાઉન્સિલરોને તેમની નજીકની શાળાની મુલાકાત લઈને વિદ્યાર્થીઓનું સમયાંતરે કાઉન્સેલિંગ થાય તેવું આયોજન કરવું અને જરૂરી સંપર્ક નંબર હાથવગા રાખવા.
- ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે બોર્ડની પરીક્ષા પહેલા કાઉન્સિલિંગની વ્યવસ્થા કરવી.
- શાળા તથા કોલેજ કક્ષાએ વિદ્યાર્થીઓની સમયાંતરે કાઉન્સિલીંગ થવું જોઈએ તથા વિદ્યાર્થીઓનો સામાજિક વારસો અને તેના વાતાવરણને જાણી નબળા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનું સંવર્ધન થાય તેવું સાનુકૂળ વાતાવરણ સર્જવું જરૂરી છે તથા વિદ્યાર્થીઓની મન:સ્થિતિ જાણી તેનું નિદાનાત્મક અને ઉચ્ચારાત્મક કાર્ય કરવું.
- શાળા તથા કોલેજમાં અધ્યાપકો, શિક્ષકો, મનોવૈજ્ઞાનિક સેમિનારોમાં ભાગ લે તેવું આયોજન કરવું.
- શાળા તથા કોલેજમાં એકલા રહેતા માનસિક નબળા વિદ્યાર્થીઓની ઓળખ કરી તેનું સમયાંતરે કાઉન્સેલિંગ કરાવવુ.
- તમામ શૈક્ષણિક સંસ્થાઓએ સંસ્થાની નજીકની રેફરલ હોસ્પિટલનો સંપર્ક કરી શકાય તથા ઈમરજન્સી સમયે કયા ડોકટર/મનોવૈજ્ઞાનિક/કાઉન્સિલર તથા વિદ્યાર્થી મિત્રોનો સંપર્ક કરી શકાય તે માટે તેઓના સંપર્ક નંબર સંસ્થાના નોટીસ બોર્ડ પર તથા હોસ્ટેલ તથા કેમ્પસમાં બહોળી રીતે પ્રસિદ્ધ થઈ શકે તે રીતે લગાવવા.
- **આત્મહત્યા નિવારણ હેલ્પલાઈન નંબર(ટેલિમાનસ-14416)**ની સંસ્થાના નોટીસ બોર્ડ પર તથા હોસ્ટેલ તથા કેમ્પસના નોટીસ બોર્ડ પર બહોળી રીતે પ્રસિદ્ધ કરવાના રહેશે.
- પોલીસ કમિશનર કચેરી દ્વારા આપવામાં આવેલ બેનર્સ તેમજ હેલ્પ લાઈન નંબર સંસ્થાના નોટીસ બોર્ડ પર તથા હોસ્ટેલ તથા કેમ્પસના નોટીસ બોર્ડ બહોળી રીતે પ્રસિદ્ધ થઈ શકે તે રીતે લગાવવા.
- અયોગ્ય શૈક્ષણિક દબાણ ટાળવા માનસિક તણાવના ચિહ્નોને ઓળખવા અને સહાનુભૂતિપૂર્ણ સહાયક બનવા માટે માતા-પિતા અને વાલીઓ માટે સંવેદનશીલતા ધ્યાને રાખી કાર્યક્રમો તેમજ વિદ્યાર્થી વાલીઓની મીટીંગનું આયોજન કરવાનું રહેશે.
- વિદ્યાર્થીઓ, શિક્ષકોને મોટીવેશનલ ફિલ્મો દર્શાવવી તથા આવી ફિલ્મો સામૂહિક રીતે વિદ્યાર્થી/શિક્ષકોની નિહાળે તેવું આયોજન કરવું.
- શાળાના વિદ્યાર્થીઓની માનસિક સ્થિતિ જાણવી અને જરૂર લાગે ત્યાં આરોગ્ય વિભાગની મદદ લઈ કાઉન્સેલિંગ કરાવવું.

- રેડિયો જોકી, રીલ્સ વગેરે જેવા સોશિયલ મીડિયાના માધ્યમોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓનો જીવન પ્રત્યેનો હકારાત્મક અભિગમ કેળવાય તેવા કાર્યક્રમો આયોજિત કરવા .
- શાળા અને કોલેજોમાં જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવાય તે અંગે કાર્યક્રમો, હકારાત્મક સ્પર્ધાઓ અને ખેલદિલીનો અભિગમ કેળવાય તે અંગેના કાર્યક્મો અને સ્પર્ધાઓનું આયોજન કરવું.
- જીવનમાં નિષ્ફળતા મળ્યા બાદ સમાજમાં સફળ થયેલ મહાનુભાવોના ઉદાહરણો તથા તેવા સફળ વ્યક્તિઓ, સંસ્થાઓ વગેરેના ઈન્ટરવ્યુ, રીલ્સ બનાવવા અને વિદ્યાર્થીઓને જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવવાની પ્રેરણા આપવી.
- વિદ્યાર્થીઓ જીવનનું મહત્વ સમજે અને હાર-જીતની ભાવનાથી પર જઈ હકારાત્મક, ખેલદિલીપૂર્વકનો અભિગમ કેળવે તેવા પ્રયાસો સમાજ, સંસ્થા, સોશિયલમીડિયા વગેરેના માધ્યમથી કરવા તથા વિદ્યાર્થી હિતને કેન્દ્રમાં રાખી શાળાઓ સંવેદનાપૂર્વક જવાબદારી નિભાવવી.

ઉપરોક્ત સુચન અને કાર્યવાહીના અમલના ભાગરૂપે સંસ્થાનાં નોટીસબોર્ડ, છાત્રાલયના નોટીસબોર્ડ તેમજ કેમ્પસના નોટીસબોર્ડ પર પત્રના બીડાણમા સામેલ પોસ્ટરોની કલર પ્રિન્ટ લગાવીને પ્રસિદ્ધ કરવી.

| | | |
|---|---|---|
| -/Sd | -/Sd | |
| શાસનાધિકારી | જિ.પ્રા.શિક્ષણાધિકારી | જિલ્લા શિક્ષણાધિકારી |
| ન.પ્રા.શિ.સ.સુરત. | સુરત. | સુરત, જિલ્લો-સુરત. |

બીડાણ:- (૧) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો હુકમ તા.૨૯/૦૮/૨૦૨૫નો પત્ર
(૨) કલેક્ટર કચેરી, સુરત નો તા. ૦૧/૧૦/૨૦૨૫નો હુકમ
(૩) જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સુરતનો તા.૧૩/૧૧/૨૦૨૫નો પત્ર
(૪) parenting for peace
(૫) બેનરની નકલ પોસ્ટરસ

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

હુકમ ક્રમાંક:ED/MRE/e file/3/2025/4//3/f

સચિવાલય, ગાંધીનગર

તા ૨૯/૦૮/૨૦૨૫

**વંચાણે લીધા:-**

(૧) નામદાર સુપ્રીમ કોર્ટના ક્રીમીનલ અપીલ નં ૩૧૭૭/૨૦૨૫ (એસ.એલ.પી.નં૬૩૭૮/૨૦૨૪) સુખદેવ સહા વિ.આંધ્રપ્રદેશ અને અન્ય તા.૨૫/૦૭/૨૦૨૫નો ચુકાદો.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૨૬/૦૮/૨૦૨૫નો પત્ર.

**હુકમ:-**

ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદાના પેરા નં-૩૮ અનુસાર વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને તેના રક્ષણ બાબતેની કાર્યવાહીના અમલીકરણની દેખરેખ, નિરીક્ષણ અને વિદ્યાર્થીઓના માનસિક હિતોના રક્ષણ માટે ચુસ્તપણે કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને શિક્ષણ, આરોગ્ય અને બાળસુરક્ષા અને સિવિલ સોસાયટીના પ્રતિનિધીઓ સાથેની જિલ્લા સ્તરની સમિતી રચના કરવા જણાવેલ છે.

નામ સુપ્રીમ કોર્ટના ચુકાદાના પેરા નં ૩૮ માં સુચવેલ કામગીરી કરવા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૨)ના પત્રમાં સુચવ્યા મુજબની રાજ્યના દરેક જીલ્લા માટે જીલ્લા કલેકટરશ્રી દ્વારા નીચે મુજબની સમિતિનું ગઠન કરવાનું રહેશે. જેનો મુખ્ય ઉદ્દેશ એકંદરે વિદ્યાર્થીઓ સ્વસ્થ માનસિક ચિત્તે અભ્યાસ કરી શકે તથા તેના માટે સંસ્થાઓમાં સાનુકૂળ વાતાવરણ મળી રહે તેમજ વિદ્યાર્થી કોઈ પણ પ્રકારની માનસિક તાણ ન અનુભવે અને આત્મહત્યા જેવાં છેવટના પગલાં ન ભરે તે સુનિશ્ચિત કરવાનું છે

| ક્રમ નં | હોદ્દો | સમિતિના સભ્ય |
|---|---|---|
| ૧ | જીલ્લા કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી/મુખ્ય તબીબી અધિકારી | આરોગ્ય સભ્યશ્રી |
| ૩ | યુનિવર્સિટીના રજીસ્ટ્રાર (યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા જીલ્લા) | શિક્ષણ સભ્યશ્રી |
| ૪ | જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫ | ડી.વાય.એસ.પી.(એસ.સી., એસ.ટી સેલ) | સભ્યશ્રી |
| ૬ | બાલ સુરક્ષા અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭ | એન.જી.ઓ. અથવા સિવિલ સોસાયટીમાંથી કોઇ ખ્યાતનામ વ્યક્તિ જીલ્લા લેવલની સમિતિ સૂચવે તે નામ | સભ્યશ્રી |
| ૮ | જીલ્લા શિક્ષણાધિકારી | સભ્યશ્રી |
| ૯ | જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | સભ્યશ્રી |
| ૧૦ | જીલ્લાની મોટી પ્રાઇવેટ યુનિવર્સિટીના પ્રતિનીધી | સભ્યશ્રી |

ઉક્ત સમિતીએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(1) તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં પરીક્ષા દરમિયાન ૨૪ કલાક કાઉન્સેલિંગ હેલ્પલાઇન શરૂ કરે તે સુનિશ્ચિત કરવું. ત્યારબાદ તે અંગેની કામગીરીનું મોનીટરીંગ કરવાનું રહેશે

(2) જિલ્લામાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓમા એન્ટિ-રેગિંગ સેલ. સાયકોલોજી સેલ જાતિ-ભેદભાવ સેલ ઇકવલ ઓપોર્ચ્યુનીટી સેલ અને ફરિયાદ નિવારણ સેલ યુ.જી.સી મુજબના તમામ સેલ કાર્યાન્વિત થાય તે સુનિશ્ચિત કરવું સંસ્થા દ્વારા દર મહિને ઉક્ત દરેક સેલમાં આવેલ ફરિયાદો ઉપર શું કાર્યવાહી કરવામાં આવેલ છે તે અંગેની નોંધ દર્શાવતું ફરિયાદ રજીસ્ટર સંસ્થાએ નિભાવવાનું રહેશે.

(3) તમામ શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકશ્રીઓ/અધ્યાપકશ્રીઓ/છાત્રાલયના વોર્ડનશ્રીઓ આત્મહત્યા નિવારણ અને માનસિક સ્વાસ્થ્ય પર વર્ષમાં બે વખત તાલીમમાં ભાગ લે તે સુનિશ્ચિત કરવું.

(4) તમામ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા 'વિદ્યાર્થીમિત્ર'ની નિમણુંક થઇ જાય તે સુનિશ્ચિત કરવાનુ રહેશે

(5) તમામ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ માટે પ્રથમ સંપર્ક શિક્ષક/પ્રોફેસર કમ કાઉન્સેલર નિયુક્ત કરે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(6) તમામ શૈક્ષણિક સંસ્થાઓએ જો કોઈપણ પ્રકારની છેવટની પરિસ્થિતિ સર્જાય તો તે દરમ્યાન તેમની નજીકની રેફરલ હોસ્પિટલનો સંપર્ક કરી ઇમરજન્સી સમયે કયા ડોકટર / સાઇક્યાયટ્રીક / મનોવૈજ્ઞાનિક / કાઉન્સેલર તથા વિદ્યાર્થીમિત્રના સંપર્ક કરી શકાય તે માટે તેઓના સંપર્ક નંબર સંસ્થાના નોટિસબોર્ડ પર તથા હોસ્ટેલ તથા તેના કેમ્પસમાં બહોળી પ્રસિધ્ધી કરેલ છે કે કેમ તે કેમ્પસની સમયાંતરે મુલાકાત લઇ સુનિશ્ચિત કરવાનું રહેશે.

(7) આત્મહત્યા હેલ્પલાઇન નંબરો (ટેલિમાનસ-14416)ની સંસ્થાના નોટિસબોર્ડ પર તથા હોસ્ટેલ તથા સંસ્થાના કેમ્પસમાં બહોળી પ્રસિધ્ધી કરેલ છે કે કેમ તે કેમ્પસની સમયાંતરે મુલાકાત લઇ સુનિશ્ચિત કરવાનું રહેશે.

(8) અયોગ્ય શૈક્ષણિક દબાણ ટાળવા, માનસિક તણાવના ચિહ્નોને ઓળખવા અને સહાનુભૂતિપૂર્ણ અને સહાયક બનવા માટે માતા-પિતા અને વાલીઓ માટે સંવેદનશીલતા કાર્યક્રમો તેમજ વિદ્યાર્થીઓ વાલીઓની મિટીંગનું આયોજન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(9) આ ઉપરાંત સમિતીને મળેલ રજૂઆતો, ફરિયાદો પ્રત્યે યોગ્ય નિકાલની કામગીરી કરવાની રહેશે

ઉક્ત સમિતી દર ત્રણ માસે એક વખત મળશે તથા આનુષંગિક બાબતોની સમીક્ષા કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(સુનયના તોમર)
અધિક મુખ્ય સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- શ્રીમતી રીના એસ. કૌલ, સંયુક્ત સચિવ, ઉચ્ચ શિક્ષણ વિભાગ, શિક્ષણ મંત્રાલય,નવી દિલ્હી. ભારત સરકાર.

સત્યમેવ જયતે

# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

વહિવટ શાખા, બી-૪, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.

ફોન નં. ૦૨૬૧-૨૬૫૫૧૫૧, ૨૬૬૦૦૨૧, ફેક્સ નં. ૨૬૫૫૭૫૭

**Email :- collector-sur@gujarat.gov.in**

**56.vahivatsurat@gmail.com**

નં.એમ.એસ.સી./જિલ્લા સ્તરીય સમિતિ/વશી.3598/૨૦૨૫ તા.૦૮/૧૦/૨૦૨૫

<u>વંચાણે લીધુ</u> :-

1. અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના હુકમ ક્રમાંક:ED/MRE/e-file/2025/47/3F, તા.૨૯/૦૮/૨૦૨૫.

<u>હુકમ</u> :-

અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના હુકમ ક્રમાંક:ED/MRE/e-file/2025/47/3F, તા.૨૯/૦૮/૨૦૨૫ થી નામ.સુપ્રીમ કોર્ટના ચુકાદાના પેરા નં-૩૮ અનુસાર વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને તેના રક્ષણ બાબતેની કાર્યવાહીના અમલીકરણની દેખરેખ. નિરીક્ષણ અને વિદ્યાર્થીઓના માનસિક હિતોના રક્ષણ માટે ચુસ્તપણે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને શિક્ષણ, આરોગ્ય અને બાળસુરક્ષા અને સિવિલ સોસાયટીના પ્રતિનિધીઓ સાથેની જિલ્લા સ્તરની સમિતી રચના કરવા જણાવેલ છે. જેનો મુખ્યં ઉદ્દેશ એકંદરે વિદ્યાર્થીઓ સ્વસ્થ માનસિક ચિત્તે અભ્યાસ કરી શકે તથા તેના માટે સંસ્થાઓમાં સાનુકૂળ વાતાવરણ મળી રહે તેમજ વિદ્યાર્થી કોઈ પણ પ્રકારની માનસિક તાણ ન અનુભવે અને આત્મહત્યા જેવાં છેવટના પગલાં ન ભરે તે સુનિશ્ચિત કરવા જણાવેલ છે.

જેથી ઉકત વિષય બાબતે અત્રેના સુરત જિલલાની નીચે મુજબની જિલ્લા સ્તરીય સમિતિની રચના કરવા આથી હુકમ કરવામાં આવે છે.

| ક્રમ નં. | હોદ્દો | સમિતિના સભ્ય |
|---|---|---|
| ૧. | જિલ્લા કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨. | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સુરત | આરોગ્ય સભ્યશ્રી |
| ૩. | રજીસ્ટ્રારશ્રી, VNSGU યુનિવર્સિટી, સુરત | શિક્ષણ સચિવશ્રી |
| ૪. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, સુરત | સભ્યશ્રી |
| ૫. | મદદનીશ પોલીસ કમિશનરશ્રી, SC/ST સેલ, સુરત | સભ્યશ્રી |
| ૬. | જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, સુરત | સભ્યશ્રી |
| ૭. | રેસિડેન્ટ મેડિકલ ઓફિસરશ્રી, સિવિલ હોસ્પિટલ, સુરત | સભ્યશ્રી |
| ૮. | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત | સભ્ય સચિવશ્રી |
| ૯. | જિલ્લા પ્રાથમિક અધિકારીશ્રી, સુરત | સભ્યશ્રી |
| ૧૦. | રજીસ્ટ્રારશ્રી, ઓરો યુનિવર્સિટી, સુરત | સભ્યશ્રી |

ઉકત સમિતિએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

1. તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં પરીક્ષા દરમિયાન ૨૪ કલાક કાઉન્સેલિંગ હેલ્પલાઇન શરૂ કરે તે સુનિશ્ચિત કરવું. ત્યારબાદ તે અંગેની કામગીરીનુ મોનીટરીંગ કરવાનું રહેશે.
2. જિલ્લામાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓમાં એન્ટિ-રેગિંગ સેલ, સાયકોલોજી રોલ જાતિ-ભેદભાવ સેલ ઇકવલ ઓપોર્ચ્યુનીટી સેલ અને ફરિયાદ નિવારણ સેલ યુ.જી.સી મુજબના તમામ સેલ કાર્યાવિત થાય તે સુનિશ્ચિત કરવું સંસ્થા દ્વારા દર મહિને ઉક્ત દરેક સેલમાં આવેલ ફરિયાદો ઉપર શું કાર્યવાહી કરવામાં આવેલ છે તે અંગેની નોંધ દર્શાવતું ફરિયાદ રજીસ્ટર સંસ્થાએ નિભાવવાનું રહેશે.
3. તમામ શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકશ્રીઓ/અધ્યાપકશ્રીઓ/છાત્રાલયના વોર્ડનશ્રીઓ આત્મહત્યા નિવારણ અને માનસિક સ્વાસ્થ્ય પર વર્ષમાં બે વખત તાલીમમાં ભાગ લે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
4. તમામ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા 'વિદ્યાર્થીમિત્ર"ની નિમણુંક થઇ જાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

5. તમામ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ માટે પ્રથમ સંપર્ક શિક્ષક/પ્રોફેસર કમ કાઉન્સેલર નિયુક્ત કરે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
6. તમામ શૈક્ષણિક સંસ્થાઓએ જો કોઈપણ પ્રકારની છેવટની પરિસ્થિતિ સર્જાય તો તે દરમ્યાન તેમની નજીકની રેફરલ હોસ્પિટલનો સંપર્ક કરી ઇમજન્સી સમયે કયા ડોકટર/સાઇક્યાટ્રીક/મનોવજ્ઞાનિક/કાઉન્સેલર તથા વિદ્યાર્થીમિત્રના સંપર્ક કરી શકાય તે માટે તેઓના સંપર્ક નંબર સંસ્થાના નોટિસબોર્ડ પર તથા હોસ્ટેલ તથા તેના કેમ્પસમાં બહોળી પ્રસિધ્ધી કરેલ છે કે કેમ તે કેમ્પસની સમયાંતરે મુલાકાત લઇ સુનિશ્ચિત કરવાનું રહેશે.
7. આત્મહત્યા હેલ્પલાઈન નંબરો (ટેલિમાનસ-14416)ની સંસ્થાના નોટિસબોર્ડ પર તથા હોસ્ટેલ તથા સંસ્થાના કેમ્પસમાં બહોળી પ્રસિધ્ધી કરેલ છે કે કેમ તે કેમ્પસની સમયાંતરે મુલાકાત લઇ સુનિશ્ચિત કરવાનું રહેશે.
8. અયોગ્ય શૈક્ષણિક દબાણ ટાળવા માનસિક તણાવના ચિહ્નોને ઓળખવા અને સહાનુભૂતિપૂર્ણ અને સહાયક બનવા માટે માતા-પિતા અને વાલીઓ માટે સંવેદનશીલતા કાર્યક્રમો તેમજ વિદ્યાર્થીઓ વાલીઓની મિટીંગનું આયોજન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ ઉપરાંત સમિતીને મળેલ રજૂઆતો, ફરિયાદો પ્રત્યે યોગ્ય નિકાલની કામગીરી કરવાની રહેશે ઉક્ત સમિતી દર ત્રણ માસે એક વખત યોજવા તથા આનુષંગિક બાબતોની સમીક્ષા કરવાનું રહેશે.

કલેક્ટર સુરત

પ્રતિ,
સમિતિના સભ્યશ્રીઓ
૨/-જાણ તથા અમલવારી થવા સારૂ.

સવિનય નકલ રવાના :-
અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર

# સુરત શહેર પોલીસ

તમારી સાથે - તમારા માટે...

PARENTING FOR PEACE

## જીંદગી હારને કા નામ નહીં,
## સીખને કા સફર હૈ.



Designed By Magic Slate PVT LTD

**ટોલ ફ્રી નંબર**

**112**

**8128369100**

**8128308100**

SUPPORTED BY

જિલ્લા શિક્ષણાધિકારી

કચેરી, સુરત

# સુરત શહેર પોલીસ

**તમારી સાથે - તમારા માટે...**

# Low Battery Mode?

## એટલે કે - થોડી વાર આરામ લઈ લો,
## બંધ થવા ની જરૂર નથી!
## ચાર્જિંગ માટે કૉલ કરો.



Designed By Magic Slate PVT LTD

ટોલ ફ્રી નંબર **112**

**8128369100**
**8128308100**

SUPPORTED BY

**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત**


SURAT CITY POLICE
PARENTING
સુરત શહેર પોલીસ
તમારી સાથે - તમારા માટે...
GAME OVER
નહિ બોસ,
Restart આવે છે!
TRY AGAIN
Designed By Magic Slate PVT LTD
8128369100
8128308100
મદદ માટે
સંપર્ક કરો
112
ટોલ ફ્રી
SUPPORTED BY
જિલ્લા શિક્ષણાધિકારી
કચેરી, સુરત

SURAT CITY POLICE

# સુરત શહેર પોલીસ

તમારી સાથે - તમારા માટે...

PARENTING FOR PEACE

# રોજ પોતાની જાતને નાની થી નાની વસ્તુ માં THANK YOU કરો



મદદ માટે સંપર્ક કરો

ટોલ ફ્રી
112

8128369100
8128308100

SUPPORTED BY
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

Designed By Magic Slate PVT LTD

# સુરત શહેર પોલીસ

તમારી સાથે - તમારા માટે...

PARENTING FOR PEACE

# કોઈપણ પરીક્ષા અંત નથી,
# મહેનત-વિશ્વાસથી સફળતા મળે છે.

## જીવન છે અમૂલ્ય,
## કોલ કરો વિનામૂલ્યે...



Designed By Magic Slate PVT LTD

**ટોલ ફ્રી નંબર**

# 112

# 8128369100
# 8128308100

SUPPORTED BY

**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત**

## સુરત શહેર પોલીસ
તમારી સાથે - તમારા માટે...

# જીંદગીથી ભાગો નહીં,
# તેને ગળે લગાવો.

Designed By Magic Slate PVT LTD



ટોલ ફ્રી નંબર 112

**8128369100**
**8128308100**

SUPPORTED BY
**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત**


SURAT CITY POLICE
PARENTING
સુરત શહેર પોલીસ
તમારી સાથે - તમારા માટે...
Game માં Help Button દબાવીએ છીએ,
જીંદગીમાં કેમ નહીં?
HELP BUTTON...
Designed By Magic Slate PVT LTD
8128369100
8128308100
મદદ માટે સંપર્ક કરો
112
ટોલ ફ્રી
SUPPORTED BY
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

SURAT CITY POLICE

# સુરત શહેર પોલીસ

તમારી સાથે - તમારા માટે...

PARENTING FOR PEACE

# IF YOU FEEL NO ONE CARES... REMEBER



# WE CARE

Designed By Magic Slate PVT LTD

મદદ માટે સંપર્ક કરો

ટોલ ફ્રી 112

8128369100

8128308100

SUPPORTED BY

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત